ઓનલાઇન હાઇપ્રોફાઇલ મહિલાઓનું ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ

# દલાલે પોલીસ સાથે 13 હજારમાં યુવતીના દેહનો સોદો કરી નાંખ્યો

**સુરતના** પાલનપોરની પાર્કર ઇન હોટેલમાં ડમી ગ્રાહક મોકલી હોટેલ મેનેજરને રંગે હાથ પકડ્યા

સુરતઃ પાલ પોલીસે બાતમી આધારે ઓનલાઇન ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દલાલ સાથે વોટ્સેપ પર વાતચીત કરી 13 હજારમાં ડીલ કર્યા બાદ ડમી ગ્રાહકને દલાલે જ્યાં કહ્યું હતું તે હોટલમાં મોકલ્યો હતો. ડમી ગ્રાહકને હોટેલમાં મોકલતા રૂમમાં મહિલા આવતા પોલીસે દરોડો પાડી હોટેલ મેનેજરને રંગે હાથે પકડી પાડ્યો હતો. જ્યારે દરોડા દરમિયાન દેહવ્યાપારમાં ધકેલાયેલી મહિલાને મુક્ત કરાવી હતી.જ્યારે મુખ્ય દલાલ અલમાસ ઉર્ફે રાજ શર્માને વોન્ટેડ જાહેર કરાયો છે.

### હોટેલ મેનેજરે 2500ની લાલચમાં ડોક્યુમેન્ટ વગર રૂમ ભાડે આપી દીધો

પોલીસે રેડ કરતા મેનેજરના હોસ ઉડી ગયા હતા. પોલીસે રૂમમાં હાજર યુવક યુવતીઓના ડોક્યુમેન્ટ આધારે રજિસ્ટ્રેશન કર્યું છે કે નહીં તે પૂછતા તેણે ના પાડી હતી. વધુમાં તેણે જણાવ્યું હતું કે છેલ્લા 20 દિવસથી રાજ શર્મા તેના સંપર્કમાં આવ્યો છે.અને તે અવારનવાર આરીતે ગ્રાહક મોકલે તો તે વગર એન્ટ્રી ગ્રાહકોને ઊંચું ભાડું વસૂલી રૂમ આપે છે.હાલ શહેરમાં અનેક હોટેલમાં રૂમ ભાડે આપવાની રાફડો ફાટ્યો હોવાથી મંદી કારણે તે લાલચમાં આવી ગયાની કબૂલાત કરી હતી.

### એક મહિનાના લાખ રૂપિયા પગાર પર લલનાને દિલ્હીથી બોલાવી હતી

પોલીસે ડમી ગ્રાહકને મોકલી ઓનલાઇન દેહવ્યાપાર પર બ્રેક મારવાનો સફળ પ્રયાસ કર્યો છે.જ્યારે રંગે હાથ પકડાયેલી મહિલાની પોલીસે પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તે અલમાસ ઉર્ફે રાજના સંપર્કમાં છેલ્લા 15 દિવસથી દિલ્હીથી સુરત આવી હતી.તેને મહિને ફિક્સ એક લાખ નક્કી કરી પગાર પર રાખવામાં આવી હતી.તેના અગાઉ લગ્ન બાદ છૂટા છેડા થયા છે અને તેને લગ્ન દરમિયાન એક બાળક હોઇ તેનું ભરણ પોષણ માટે તે દેહવ્યાપારમાં ધકેલાઇ હોવાનું રટણ કર્યું હતુ.સમગ્ર હકીકત તો દલાલ રાજ શર્મા પકડાય તો બહાર આવે તેમ છે.

દલાલ અલમાસ ઉર્ફે રાજ શર્મા વોટ્સએપ મારફતે ગ્રાહકોને મહિલાઓનો ફોટો મોકલી દેહવ્યાપાર ચલાવે છે. જેના આધારે આધારે ASI ભરતભાઈ પીયુષભાઈએ ડમી ગ્રાહક તૈયાર કરીને દલાલ રાજ શર્માના મોબાઇલ પર વાતચીત કરી 13હજારનો ભાવ નક્કી કર્યો હતો. જેમાંથી કેટલીક રકમ રોકડ અને કેટલીક ઓનલાઇન ટ્રાન્સફર કરવાની હતી. પોલીસે ડમી ગ્રાહકને 2500 રૂપિયા આપી પાલનપુર સ્થિત ગ્રીન પેલેડિયમની પાર્કર ઇન હોટેલમાં મોકલ્યો હતો. ત્યાં હોટેલ મેનેજર સુનિલભાઈ માધવજીભાઈ મકવાણા (ઉમર ૨૫, રહે. ગામ સરસીયા, તા.ધારી, અમરેલી)એ પૈસા લીધા અને રૂમ નં. ૫૧૪માં પ્રવેશ આપ્યો હતો. ત્યારબાદ દલાલે એક મહિલાને મોકલી હતી. જેથી પોલીસે રેઇડ કરીને મેનેજર અને મહિલાને રંગે હાથ પકડી લીધા હતા. રેઇડ દરમિયાન પોલીસને મેનેજર પાસેથી રૂ. 2500ની નોટો, બે મોબાઇલ ફોન તથા જીઓ અને વીઆઇના સીમ કાર્ડ મળ્યા હતા. પોલીસે આ કેસમાં ઇમ્મોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ ૧૯૫૬ની કલમ ૩, ૪, ૫ અને ૭ હેઠળ ગુનો નોંધ મેનેજરની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી અલમાસ ઉર્ફે રાજ શર્મા ફરાર છે અને તેની શોધખોળ ચાલુ છે.

# આજથી નર્મદ યુનિ.નો 52મો યુવા મહોત્સવ

**દક્ષિણ** ગુજરાતની 160 કોલેજો 1467 કૃતિઓ રજૂ કરશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં સાંસ્કૃતિક સ્પર્ધાઓ અને કાર્યક્રમોનો મહાકુંભ ગણાતો 52મો યુવા મહોત્સવ શનિવારથી એટલે કે આજથી શરૂ થશે. આ વર્ષે મહોત્સવને ઐતિહાસિક રાણી અક્કાદેવીના નામે સમર્પિત કરવામાં આવ્યો છે.

ચાર દિવસીય આ મહોત્સવ 20 ડિસેમ્બરથી 23 ડિસેમ્બર સુધી યોજાશે. દક્ષિણ ગુજરાતની 160થી વધુ કોલેજોમાંથી 4647થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે, જેમાં કુલ 1467 કૃતિઓ રજૂ થશે.

મહોત્સવનો પ્રારંભ શનિવારે સવારે 8 વાગ્યે યુનિવર્સિટી પરિસરમાં ભવ્ય કળાયાત્રાથી થશે. કુલપતિ ડો. કે.એન. ચાવડા અને કુલસચિવ ડો. રમેશદાન ગઢવીની ઉપસ્થિતિમાં આ યાત્રા નીકળશે.

આ મહોત્સવમાં શાસ્ત્રીય કંઠ્યસંગીત, કાવ્યપઠન, ગરબા, હસ્તકળા, લોકગીત, સમૂહગીત, નવલિકા લેખન, વક્તૃત્વ, કાર્ટૂન મેકિંગ, એકાંકી, રંગોળી, શાસ્ત્રીય વાદ્યસંગીત, મહેંદી, ક્લે મોડેલિંગ, ચિત્રકલા, શાસ્ત્રીય નૃત્ય, સમૂહ નૃત્ય, મિમિક્રી, પોસ્ટર મેકિંગ, ડિબેટ, એકપાત્રીય અભિનય, રીલ મેકિંગ, શોર્ટ ફિલ્મ અને સ્પોટ ફોટોગ્રાફી જેવી અનેક સ્પર્ધાઓ યોજાશે.

મહોત્સવનું સમાપન 23 ડિસેમ્બરે કન્વેન્શન હોલમાં સવારે 10 વાગ્યે વિજયશ્રી સમારોહ સાથે થશે, જેમાં વિજેતાઓને પારિતોષિકો અને વિજયપદક વિતરણ કરવામાં આવશે.

આ યુવા મહોત્સવ યુવાનોની પ્રતિભા અને સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવાનો મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે.

# જલગાંવના મર્ડર કેસના બે આરોપી સુરતમાંથી ઝડપાયા

**મહારાષ્ટ્ર** પોલીસે મોકલેલી માહિતી અને ફોટાના આધારે સુરત ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લીધા

સુરતઃ મહારાષ્ટ્રના જલગાવ MIDC પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મિસિંગ વિથ મર્ડરના ગંભીર ગુનામાં ફરાર થયેલા બે આરોપીઓને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા હતાં.

જલગાંવ MIDC પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓએ મર્ડરના આરોપી નિલેશ રાજેન્દ્ર કાસાર (ઉ.વ. ૩૦, રહેવાસી જલગાવ, મહારાષ્ટ્ર) ને ભુષણ બાડુ પાટીલ અને દિનેશ આનંદા ચૌધરી નામના બે ઈસમોએ અપહરણ કરી લઈ જઈ કોઈ અદાવતમાં તેની હત્યા કરી નાસી ગયા છે અને સુરત તરફ આવી રહ્યા હોવાની શંકા છે. તેમણે આ તમામના ફોટો પણ સુરત પોલીસને મોકલ્યા હતાં. જેથી ક્રાઇમબ્રાન્ચે સુરત તરફ આવતી તમામ બસનું ચેકિંગ શરુ કર્યું હતું. દરમિયાન પુણા પાટિયા વિસ્તારમાં એક ખાનગી લક્ઝરી બસને રોકી તપાસ કરવામાં તેમાંથી (૧) ભુષણ બાડુ પાટીલ (ઉ.વ. ૨૧, ધંધો ખેતીકામ, રહેવાસી અશોકનગર સોસાયટી, ગલી નં-૦૧, આકાશવાણી પાસે, જલગાંવ, મહારાષ્ટ્ર) અને (૨) દિનેશ આનંદ ચૌધરી (ઉ.વ. ૨૧, ધંધો નોકરી, રહેવાસી ઘર નં-૪૭, ઈન્દીરાનગર સોસાયટી, સીરસોલી, જલગાંવ, મહારાષ્ટ્ર)ને પકડી લીધા હતાં અને બંનેએ હત્યાની કબૂલાત પણ કરી લીધી હતી. સુરત પોલીસે બંનેનો કબજો મહારાષ્ટ્ર પોલીસને સોંપ્યો હતો.

આરોપી ભુષણ બાડુ પાટીલ અને દિનેશ આનંદ ચૌધરી તેમજ મૃતક નિલેશ રાજેન્દ્ર કાસાર ત્રણેય જણા વર્ષ 2024થી એક પ્રાઈવેટ ફાયનાન્સ કંપનીમાં સાથે કામ કરતા હતા. નોકરી દરમિયાન નિલેશ કાસાર સાથે ઝગડો થયો હતો. તા. 15/12/2025ના રોજ રાનિલેશને પાર્ટી કરવાના બહાને બોલાવી જલગાવના સરસોલી નજીક લઈ ગયા હતા. ત્યાં તેની હત્યા કરી લાશને કંતાનની ગુણમાં મૂકી સીરસોલીના જંગલ વિસ્તારમાં ફેંકી દીધી હતી.

# કેટલીક જગ્યાએ 80 ટકા તો બીજે માત્ર 40 ટકા કામગીરી

**સુરત** જિલ્લામાં મતદાર મેપિંગમાં અસમાન પ્રગતિ

સુરતઃ મતદારયાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત સુરત જિલ્લામાં મતદારોનું ડિજિટાઇઝેશન અને મેપિંગ ઝડપથી ચાલી રહ્યું છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરાયેલા તાજા આંકડાઓ મુજબ સુરત જિલ્લામાં કુલ 48.73 લાખ મતદારોમાંથી 25.05 લાખ મતદારોનું મેપિંગ પૂર્ણ થયું છે, જે કુલ મળીને 51.41 ટકા થાય છે.

### સુરત પૂર્વ-ઉત્તર અને વરાછા રોડમાં મધ્યમ સ્થિતિ

સુરત પૂર્વ (59.89%), સુરત ઉત્તર (59.67%) અને વરાછા રોડ (46.14%) જેવા વિસ્તારોમાં મેપિંગ મધ્યમ સ્તરે છે. આ વિસ્તારોમાં વસતીની ઘનતા વધુ હોવા છતાં હજુ પણ મોટી સંખ્યામાં મતદારોનું મેપિંગ બાકી છે, જે આગામી દિવસોમાં તંત્ર માટે પડકારરૂપ બની શકે છે.

### માંડવી અને મહુવામાં નોંધપાત્ર પ્રગતિ

જિલ્લામાં સૌથી વધુ મેપિંગ પૂર્ણ થયેલા વિસ્તારોમાં માંડવી (89.09%) અને મહુવા (86.32%) નો સમાવેશ થાય છે. આ બંને ગ્રામ્ય-અર્ધગ્રામ્ય વિસ્તારોમાં BLO દ્વારા ઘરેઘરે સંપર્ક, મતદારોની સહકારભાવના અને વિસ્તારની ભૂગોળીય સરળતાને કારણે કામગીરી ઝડપી પૂર્ણ થઈ હોવાનું માનવામાં આવે છે. તે ઉપરાંત માંગરોળ (69.98%), ઓલપાડ (55.48%) અને બારડોલી (52.69%) જેવા વિસ્તારોમાં પણ મેપિંગ 50 ટકા કરતાં વધુ નોંધાયું છે, જે ચૂંટણી તંત્ર માટે હકારાત્મક સંકેત માનવામાં આવે છે.

### વિધાનસભા પ્રમાણે થયેલા મેપિંગની કામગીરી

| ક્રમ | વિધાનસભા વિસ્તાર | કુલ મેપ થયેલ મતદારો | ટકા (%) |
|---|---|---|---|
| 155 | ઓલપાડ | 2,63,058 | 55.48 |
| 156 | માંગરોળ | 1,63,182 | 69.98 |
| 157 | માંડવી | 2,21,532 | 89.09 |
| 158 | કામરેજ | 3,27,515 | 57.19 |
| 159 | સુરત પૂર્વ | 1,29,784 | 59.89 |
| 160 | સુરત ઉત્તર | 94,881 | 59.67 |
| 161 | વરાછા રોડ | 96,411 | 46.14 |
| 162 | કરંજ | 58,578 | 36.06 |
| 163 | લિંબાયત | 1,22,738 | 39.39 |
| 164 | ઉધના | 1,02,956 | 38.11 |
| 165 | મજુરા | 91,078 | 32.04 |
| 166 | કતારગામ | 1,50,631 | 46.00 |
| 167 | સુરત પશ્ચિમ | 1,24,932 | 47.10 |
| 168 | ચોર્યાસી | 2,02,992 | 33.10 |
| 169 | બારડોલી | 1,54,732 | 52.69 |
| 170 | મહુવા | 2,00,311 | 86.32 |
| કુલ (જિલ્લો) | સુરત જિલ્લો | 25,05,311 | 51.41 |

### શહેરી વિસ્તારોમાં મેપિંગ ધીમું

વિશ્લેષણ મુજબ સુરતના મુખ્ય શહેરી વિસ્તારોમાં મેપિંગની ગતિ ચિંતાજનક રીતે ધીમી છે. મજુરા (32.04%), ચોર્યાસી (33.10%), લિંબાયત (39.39%), ઉધના (38.11%) અને કરંજ (36.06%) જેવા વિસ્તારોમાં હજુ અડધાથી પણ ઓછી કામગીરી થઈ છે. શહેરી વિસ્તારોમાં મોટી સંખ્યામાં ભાડુઆત મતદારો, વારંવાર સ્થળાંતર, કામકાજના સમય દરમિયાન ઘરો બંધ રહેતા હોવા અને એપાર્ટમેન્ટ કલ્ચર જેવા કારણો BLOને ફીલ્ડ વર્કમાં અડચણરૂપ બની રહ્યા હોવાનું જાણવા મળે છે.

# જમતી વખતે બેભાન થઈ જતાં BCAની વિદ્યાર્થિની સહિત બેનાં મોત

**ભેસ્તાનમાં** તબિયત લથડતાં ગર્ભવતી મહિલાનું મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈ જતાં બે લોકોનાં મોત થયા હતા. જેમાં ડભોલીમાં જમવતી વખતે BCAની વિદ્યાર્થિની તેમજ ભેસ્તાનમાં તબિયત લથડતાં ગર્ભવતી મહિલાનું મોત થયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર ઉમરાળા તાલુકાના ટીંબી ગામના વતની અશોકભાઈ ગોટી હાલ સિંગણપોર ડભોલી વિસ્તારમાં આવેલા ક્રિષ્ના એવન્યુમાં તેમની 21 વર્ષીય પુત્રી ક્રિશા પી.પી સવાણી યુનિવર્સિટીમાં BCAના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. ગુરુવારે સાંજે ક્રિશા ઘરે જમી રહી હતી. ત્યારે તે અચાનક ઢળી પડી હતી. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

બીજા બનાવમાં, મૂળ મધ્યપ્રદેશની 7 વર્ષની ગર્ભવતી સવિતા ભીમજી ડામોર (ઉં.વ.35) હાલ ભેસ્તાન સિદ્ધાર્થનગર રહેતી હતી. તેની અચાનક તબીયત બગડતા સ્મીમેરમાં ખસેડાતા તેને મૃત જાહેર કરાઇ હતી.

# PM મોદી સાથે મુખ્યમંત્રીની અચાનક મુલાકાત



ગાંધીનગર : નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ મુલાકાત કરી હતી.

ગુજરાતમાં નવા મંત્રીમંડળની રચના બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની આ મુલાકાતમાં રાજ્યના સર્વાંગીણ વિકાસ તેમજ જનસુખાકારી માટે 'ટીમ ગુજરાત'ની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તાજેતરમાં આયોજિત રાજ્ય સરકારની ચિંતન શિબિરમાં થયેલી 'વિકસિત ગુજરાત'ના નિર્માણના ચિંતન તેમજ આગામી વિકાસલક્ષી આયોજન અંગે તેઓ સાથે ચર્ચા કરી હતી, તેમજ ગુજરાત ભાજપના નવા સંગઠનના માળખાની રચના અંગે પણ વિસતૃત ચર્ચા કરાઈ હોવાનું મનાય છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ઉત્તર ભારતમાં...

પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઉત્તરપૂર્વીય મધ્ય પ્રદેશ અને બિહારમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું છે. સવારે 5:30 વાગ્યે ઉત્તર પ્રદેશના આગ્રા, બરેલી, સહારનપુર અને ગોરખપુર, પંજાબના અંબાલા, અમૃતસર, ભટિંડા, લુધિયાણા અને આદમપુર, દિલ્હીના સફદરજંગ, હરિયાણાના અંબાલા, મધ્યપ્રદેશના ગ્વાલિયર, બિહારના દલખાનપુર અને ભાગલપુરમાં શૂન્ય મીટરે વિઝિબિલિટી નોંધાઈ હતી. IMD એ દિલ્હી માટે રેડ એલર્ટ જારી કર્યું છે, ચેતવણી આપી છે કે ધુમ્મસ કેટલાક એરપોર્ટ પર કામગીરીમાં વિક્ષેપ પાડી શકે છે અને હાઈવે અને રેલ્વે રૂટને પણ અસર કરી શકે છે.

આગ્રા, અલીગઢ, બાગપત, બરેલી, બિજનૌર, બુલંદશહેર, ઈટાહ, ઈટાવા, ફિરોઝાબાદ, ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, હાપુડ, હાથરસ, મથુરા, મેરઠ, મુરાદાબાદ, મુઝફ્ફરનગર, રામપુર, મુઝફ્ફરનગર અને શાહરપુર સહિત ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લાઓ માટે 'ઓરેન્જ એલર્ટ' જારી કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડના હરિદ્વાર અને ઉધમ સિંહ નગર અને પંજાબના અમૃતસર, ફતેહગઢ સાહિબ, ગુરદાસપુર, પટિયાલા અને સંગરુરમાં પણ ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

IMD એ વાહન ચલાવવામાં મુશ્કેલીઓ અને માર્ગ અકસ્માતોમાં વધારો થવાની ચેતવણી આપી છે, અને એમ પણ કહ્યું છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી ગુલ થવાની શક્યતા છે. અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને સતર્ક રહેવા અને જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે, જેમાં વાહન ચલાવતી વખતે અથવા કોઈપણ વાહનવ્યવહારના માધ્યમથી મુસાફરી કરતી વખતે સાવધાની રાખવી, ફોગ લાઈટનો ઉપયોગ કરવો, રસ્તા અને ટ્રાફિકની સ્થિતિ તપાસવી, મુસાફરીના પુનઃનિર્માણ માટે એરલાઈન્સ, રેલ્વે અને રાજ્ય પરિવહન અધિકારીઓ સાથે સંપર્કમાં રહેવું, બિનજરૂરી મુસાફરી ટાળવી અને સંબંધિત એજન્સીઓ દ્વારા જારી કરાયેલી સલાહનું પાલન કરવું સામેલ છે એમ IMD એ જણાવ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, જ્યારે દૃશ્યતા શૂન્ય અને ૫૦ મીટરની વચ્ચે હોય છે, ત્યારે 'ખૂબ ગાઢ' ધુમ્મસ, ૫૧ થી ૨૦૦ મીટરની વચ્ચે 'ગાઢ', ૨૦૧ થી ૫૦૦ મીટરની વચ્ચે 'મધ્યમ' અને જ્યારે દૃશ્યતા ૫૦૧ થી ૧,૦૦૦ મીટરની વચ્ચે હોય છે ત્યારે 'હળવા' ધુમ્મસ ગણવામાં આવે છે.

### સપ્તાહાંતે દિલ્હીની...

ગયો હતો. રાજધાનીમાં હવાની ગુણવત્તાનું સ્તર ઊંચું રહ્યું હતું, ૪૦ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ૧૧એ 'ગંભીર' હવાની ગુણવત્તા નોંધી હતી, જ્યારે ૨૯ સ્ટેશનો 'ખૂબ જ નબળી' શ્રેણીમાં રહ્યા હતા. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) ની SAMEER એપના ડેટા અનુસાર, આનંદ વિહારમાં સૌથી વધુ AQI 430 નોંધાયું હતું. આ પહેલા, 14 મોનિટરિંગ સ્ટેશનોએ 'ગંભીર' હવાની ગુણવત્તા નોંધી હતી, જ્યારે 26 સ્ટેશનો 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહ્યા હતા. ડેટા દર્શાવે છે કે વિવેક વિહારમાં સૌથી ખરાબ હવાની ગુણવત્તા નોંધાઈ હતી, જેનો AQI 434 હતો. આ દરમિયાન, 24 કલાકનો સરેરાશ AQI 374 પર 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહ્યો હતો, જે એક દિવસ પહેલા નોંધાયેલા 373 કરતા થોડો વધારે હતો.

### દિલ્હી એરપોર્ટ...

com અનુસાર, એરપોર્ટ પર 500થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી હતી, જ્યારે અહીંથી ઉપડતી ફ્લાઇટ્સમાં સરેરાશ 49 મિનિટનો વિલંબ નોંધાયો હતો. શુક્રવાર બપોરે X પર એક પોસ્ટમાં, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે તે ભારતીય હવામાન વિભાગ (IMD) સાથે નજીકથી સંકલન કરી રહ્યું છે, અને વાસ્તવિક સમયની હવામાન આગાહીના આધારે નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. એરલાઇન્સ દ્વારા કેટલીક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી રહી છે, જેમાં મુસાફરોને એરપોર્ટ પર બિનજરૂરી મુસાફરી ટાળવા માટે અગાઉથી જાણ કરવામાં આવી છે.

### બાંગ્લાદેશમાં ભારે...

નેતા હાદીના મૃત્યુની પુષ્ટિ કર્યા પછી, ગુરુવારે રાત્રે દેશના વિવિધ ભાગોમાં હુમલાઓ અને તોડફોડ થઈ હતી, જેમાં ચટ્ટોગ્રામમાં સહાયક ભારતીય ઉચ્ચાયુક્તના નિવાસસ્થાન પર પથ્થરમારો પણ સામેલ હતો. મંચે હાદીના મૃત્યુની પ્રારંભિક જાહેરાત કરી હતી, જેનો મૃતદેહ દિવસ પછી ઘરે લાવવામાં આવશે. ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ઉમેદવાર હાદીનું છ દિવસ સુધી જીવન મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ સિંગાપોરની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ગુરુવારે વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને અગ્રણી અખબારોના કાર્યાલયો પર હુમલો કર્યો હતો, 32 ધનમંડીમાં હથોડાથી તોડફોડ કરી હતી અને રાજશાહી શહેરમાં પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાની વિખેરી નાખેલી અવામી લીગ પાર્ટીની ઓફિસ પણ તોડી પાડી હતી. હિંસાના બનાવો મોટે ભાગે ગુરુવારે રાત્રે નોંધાયા હતા, શુક્રવાર સવાર પછી કોઇ મોટા બનાવના હેવાલ ન હતા. દાયકાઓથી બાંગ્લાદેશના સ્વતંત્રતા પહેલાના સંઘર્ષના કેન્દ્રબિંદુ તરીકે ઓળખાતા 32 ધનમંડીને આ વર્ષે 5 ઓગસ્ટ 2024ના રોજ ખોદકામ યંત્ર દ્વારા મોટા પ્રમાણમાં તોડી પાડવામાં આવ્યું હતું. કેટલીક ઇજાઓ પણ થઈ હતી. ઉચ્ચ અધિકારીઓએ સહાયક ઉચ્ચ કમિશનરને સુરક્ષા વધારવાની ખાતરી આપી હતી. ગઈકાલે રાત્રે, નેશનલ સિટીઝન પાર્ટી (NCP), જે સ્ટુડન્ટ્સ અગેઇન્સ્ટ ડિસ્ક્રિમિનેશન (SAD) ની એક મોટી શાખા છે તેના સમર્થકોએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે હાદીના હુમલાખોરો હત્યા કર્યા પછી ભારત ભાગી ગયા હતા. તેમણે વચગાળાની સરકારને ભારતીય હાઈ કમિશન બંધ કરવાની હાકલ કરી હતી જ્યાં સુધી તેઓ પાછા ન ફરે. ગયા વર્ષે ઓગસ્ટમાં બાંગ્લાદેશમાંથી હકાલપટ્ટી બાદ બાંગ્લાદેશ ભાગી ગયેલા હસીના પણ ભારતમાં છે. ઢાકામાં, દેખાવકારોએ એક અગ્રણી સાંસ્કૃતિક જૂથ, છાયાનૌતના કાર્યાલય પર હુમલો કર્યો અને ફર્નિચર બહાર કાઢ્યું, તેને આગ લગાવી દીધી. રાત્રે દેશના અન્ય ભાગોમાંથી પણ છૂટાછવાયા હિંસાના અહેવાલો આવ્યા હતા. તોફાનીઓના એક જૂથે શાહબાગ ચોકડી નજીક, રાજધાનીના કારવાન બજારમાં બાંગ્લા અખબાર પ્રથમ આલોની ઓફિસ અને નજીકના ડેઈલી સ્ટાર પર હુમલો કર્યો. અહેવાલો અનુસાર, પત્રકારો અને અખબારના કર્મચારીઓ અંદર ફસાયેલા હતા ત્યારે તેઓએ ઘણા માળ પર તોડફોડ કરી હતી, અને ટોળાએ ઈમારતની સામે આગ લગાવી હતી. યુનુસ સરકારે લોકોને સંયમ રાખવાની વિનંતી કરી છે. હું બધા નાગરિકોને નિષ્ઠાપૂર્વક હાકલ કરું છું - ધીરજ અને સંયમ રાખો એમ સરકારના વડા મોહમ્મદ યુનુસે કહ્યું હતું. મુખ્ય સલાહકારે શનિવારે એક દિવસનો રાજ્ય શોક જાહેર કર્યો છે.

### ચટ્ટોગ્રામમાં સહાયક ભારતીય હાઇ કમિશનરના નિવાસસ્થાન પર પથ્થરમારો

ચટ્ટોગ્રામમાં સહાયક ભારતીય હાઇ કમિશનરના નિવાસસ્થાન પર પણ વિરોધીઓએ રાત્રે 1:30 વાગ્યે ઈંટો અને પથ્થરો ફેંક્યા હતા, પરંતુ કોઈ નુકસાન થયું ન હતું. પોલીસે ટીયર ગેસ અને લાઠીચાર્જથી જવાબ આપ્યો હતો, ભીડને વિખેરી નાખી હતી અને 12 વિરોધકર્તાઓની અટકાયત કરી હતી.

### હાદીના શૂટરે...

તેની ગર્લફ્રેન્ડ મારિયા અખ્તર લીમાને કહ્યું કે કંઈક એવું થવાનું છે જે સમગ્ર બાંગ્લાદેશને હચમચાવી નાખશે. આ કેસની તપાસ કરી રહેલી કાયદા અમલીકરણ એજન્સીઓએ જણાવ્યું હતું કે ફૈઝલે પહેલી ગોળી ચલાવી તે પહેલાં જ તેની ગર્લફ્રેન્ડને એક મોટી ઘટના વિશે સંકેત આપ્યો હતો.

### બાંગ્લાદેશમાં હિન્દુ...

દીધી. આ ઘટનાથી હાઈવેની બંને બાજુ ટ્રાફિક ઠપ થઈ ગયો હતો એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ હત્યા પછી શુક્રવારે એક નિવેદનમાં, વચગાળાની સરકારે મૈમનસિંઘ શહેરમાં હિન્દુ વ્યક્તિની લિંચિંગની નિંદા કરતા કહ્યું કે નવા બાંગ્લાદેશમાં આવી હિંસા માટે કોઈ જગ્યા નથી. આ જઘન્ય ગુનાના ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં એમ તેમાં વધુમાં કહેવામાં આવ્યું હતું.

### બાંગ્લાદેશમાં 'ધ...

આ હુમલાઓ થયા હતા, અને બંને અખબારની ઇમારતોને નુકસાન થયું હતું. આમાંથી 'ધ ડેઇલી સ્ટાર' પોતાનું શુક્રવારનું છાપું બહાર પાડી શક્યું ન હતું. 'સ્વતંત્ર પત્રકારત્વ માટે કાળો દિવસ' શીર્ષકવાળા તેમના નિવેદનમાં, ધ ડેઇલી સ્ટારે કહ્યું, "આ ફક્ત બે અખબારો પર હુમલો નથી. તે સ્વતંત્ર પત્રકારત્વ, વાણી સ્વાતંત્ર્ય અને ખાનગી સંપત્તિની પવિત્રતા પર હુમલો છે. આને હળવાશથી ન લેવું જોઈએ." વિદ્યાર્થી વિરોધ પ્લેટફોર્મ ઇન્કિલાબ મંચના વરિષ્ઠ નેતા હાદીનું ગોળીબારમાં મૃત્યુ થયા બાદ ગુરુવારે રાત્રે સેંકડો દેખાવકારોએ ધ ડેઇલી સ્ટાર અને પ્રથમ આલોની ઓફિસો પર હુમલો કર્યો હતો.

### ભારત સાથે...

એજન્સીઓ માટે નાણાકીય વર્ષના ફાળવણીને અધિકૃત કરે છે. ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ કાયદો DOW ને મારા પીસ થ્રુ સ્ટ્રેન્થ એજન્ડાનો અમલ કરવા, માતૃભૂમિને સ્થાનિક અને વિદેશી જોખમોથી બચાવવા અને સંરક્ષણ ઔદ્યોગિક આધારને મજબૂત બનાવવા સક્ષમ બનાવશે, જ્યારે આપણા રાષ્ટ્રના યુનિફોર્મ પહેરેલા પુરુષો અને સ્ત્રીઓના યુદ્ધ લડાઈના સિદ્ધાંતોને નબળા પાડતા નકામા કાર્યક્રમો માટેના ભંડોળ દૂર કરશે.

### ડોનાલ્ડ ટ્રમ્પે...

આફ્રિકામાં છે. આ લોટરી કોંગ્રેસ દ્વારા બનાવવામાં આવી હતી, અને આ પગલાથી કાનૂની પડકારો આવવાની લગભગ ખાતરી છે. 2025 વિઝા લોટરી માટે લગભગ 20 મિલિયન લોકોએ અરજી કરી હતી, જેમાં વિજેતાઓ સાથે જીવનસાથીઓનો સમાવેશ કરીને 131,000 થી વધુની પસંદગી કરવામાં આવી હતી. જીત્યા પછી, તેઓએ અમેરિકામાં પ્રવેશ મેળવવા માટે ચકાસણીમાંથી પસાર થવું પડશે. પોર્ટુગીઝ નાગરિકોએ ફક્ત 38 સ્લોટ જીત્યા હતા. લોટરી વિજેતાઓને ગ્રીન કાર્ડ માટે અરજી કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. તેમનો ઈન્ટરવ્યુ કોન્સ્યુલેટમાં લેવામાં આવે છે અને અન્ય ગ્રીન-કાર્ડ અરજદારો જેવી જ જરૂરિયાતો અને ચકાસણીને આધીન છે. ટ્રમ્પ લાંબા સમયથી ડાયવર્સિટી વિઝા લોટરીનો વિરોધ કરી રહ્યા છે.

### સીધા વેરાની...

એડવાન્સ ટેક્સમાં ૮ ટકાનો વધારો થઈને રૂ. ૬.૦૭ લાખ કરોડથી વધુનો વધારો થયો છે. નોન-કોર્પોરેટ કંપનીઓ તરફથી એડવાન્સ ટેક્સ વસૂલાતમાં ૬.૪૯ ટકાનો ઘટાડો થયો છે જે રૂ. ૧.૮૧ લાખ કરોડથી વધુ છે. એકંદરે, ૧૭ ડિસેમ્બર સુધીમાં એડવાન્સ ટેક્સ ૪.૨૭ ટકા વધીને રૂ. ૭.૮૮ લાખ કરોડથી વધુ થયો છે. રિફંડ જારી કરવામાં ગયા વર્ષની સરખામણીમાં ૧૪ ટકા ઘટાડો થયો છે. આવકવેરા વિભાગના ડેટા મુજબ, રિફંડને સમાયોજિત કરતા પહેલા કુલ પ્રત્યક્ષ કર વસૂલાતમાં ૧૭ ડિસેમ્બર સુધીમાં ૪.૧૬ ટકાનો વધારો થયો છે જે રૂ. ૨૦.૦૧ લાખ કરોડથી વધુ છે. ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬)માં, સરકારે તેના પ્રત્યક્ષ કર વસૂલાતનો રૂ. ૨૫.૨૦ લાખ કરોડનો અંદાજ મૂક્યો છે, જે વાર્ષિક ધોરણે ૧૨.૭ ટકા વધુ છે. સરકાર નાણાકીય વર્ષ ૨૬માં એસટીટીમાંથી રૂ. ૭૮,૦૦૦ કરોડ એકત્રિત કરવાનું લક્ષ્ય રાખે છે. ડેલોઈટ ઈન્ડિયાના ભાગીદાર રોહિન્ટન સિધવાએ જણાવ્યું હતું કે એકંદરે કોર્પોરેટ એડવાન્સ ટેક્સમાં વધારો સારી કોર્પોરેટ કમાણીનો સંકેત આપે છે. જો કે, નોન-કોર્પોરેટ એડવાન્સ ટેક્સ વસૂલાતમાં ઘટાડો થયો છે કારણ કે અગાઉના બજેટમાં વ્યક્તિઓ માટે દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં 36.23...

પશ્ચિમ, વરાછા રોડ, કરંજ, ઉધના, મજુરા અને લિંબાયત જેવી શહેરની વિધાનસભાઓમાં મતદારોની સંખ્યા એકથી બે લાખની વચ્ચે નોંધાઈ છે. ખાસ કરીને સુરત ઉત્તર 1.16 લાખ અને કરંજ 99,989માં મતદારોની સંખ્યા તુલનાત્મક રીતે ઓછી હોવાનું સામે આવ્યું છે.

### સુરત જિલ્લામાં...

મુસદ્દા મતદારયાદીમાં ૧૮,૭૮,૯૪૯ પુરુષ, ૧૭,૪૪,૧૪૪ સ્ત્રી તથા ૧૦૦ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, હવે નોટીસ તબક્કો ૧૯ ડિસેમ્બર (શુક્રવાર) થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ (મંગળવાર) દરમ્યાન અમલમાં રહેશે. આ દરમિયાન સુરત જિલ્લાના ૧૧,૧૭,૮૮૨ મેપીંગ ન થયેલ મતદારોને સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટીસ આપવામાં આવશે. નોટીસ બાદ સુનાવણી અને ચકાસણી પૂર્ણ થયા પછી તમામ લાયક મતદારોનો સમાવેશ ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ થનારી આખરી મતદારયાદીમાં કરવામાં આવશે. નોટીસ પ્રાપ્ત કરનાર મતદારોએ સુનાવણી સમયે નોટીસમાં દર્શાવેલા પુરાવા રજૂ કરવાના રહેશે. ઉલ્લેખનીય છે કે, ગણતરીના સમયગાળા ૪ નવેમ્બર થી ૧૪ ડિસેમ્બર દરમિયાન કુલ ૧૨,૫૦,૩૧૯ મતદારોના ફોર્મ (EFs) પરત મળ્યા ન હોવાના કારણે આવા મતદારોનો મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

### ગુજરાતમાં 4.34...

આવ્યાં હતાં.મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ 5,08,43,436 મતદાર નોંધાયેલા હતા.મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા 4,34,70,109 રહેવા પામી છે.એટલે કે, SIRની ઝુંબેશ દરમિયાન કુલ 73,73,327 મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. મુસદ્દા મતદાર યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઇટ http://ceo.gujarat.gov.in ઉપર પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે.જેની ઉપર મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે. .18મી ફેબ્રુઆરી, 2026 સુધીમાં જો કોઇ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને.નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સબંધીત ચૂંટણી અધિકારી દ્વારા મતદારને નોટીસ મોકલીને તેની રૂબરૂ રજૂઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.તા.1-1-2026ની લાયકાતની તારીખે 18 વર્ષ પુરા કરનાર યુવાનો ફોર્મ નં.6 ભરીને તેઓનું નામ આખરી મતદાર યાદી કે જે તા.17-2-2026ના રોજ પ્રસિદ્ધ થવાની છે તેમાં દાખલ કરાવી શકે છે.

### ચૌટાના દબાણકર્તાઓનો...

કરો નહીં તેમજ કરવા દો નહી જો કે ચૌટાબજારના દબાણકર્તાઓએ આ બંનેની અપીલને પણ ગણકારી નથી અને બીજા જ દિવસે શુક્રવારે ફરીથી દબાણોનો જમેલો ચૌટાબજારમાં જોવા મળ્યો હોય હવે મનપા તો ઠીક પોલીસ કમિશનરની ધાક પણ દાવ પર લાગી જવા પામી છે.

વરાછા વિસ્તારમાં મેયર અને પોલીસ કમિશનરે રસ્તા પર ઉતરી દબાણો હટાવ્યા બાદ દબાણો માટે કુખ્યાત કોટ વિસ્તારના હાર્દ સમાન ચૌટા બજારમાં પણ દબાણો હટાવવા રૂબરુ આવે તેવો પડકાર 'ગુજરાતમિત્ર'ના અહેવાલો મારફતે કરાયો હતો જેને સ્થાનિક પ્રતિષ્ઠીત નાગરીકો, પૂર્વ શહેર પ્રમુખ નિતિન ભજીયાવાલા વગેરેએ પણ પત્રો અને જાહેર અપીલ દ્વારા સમર્થન આપી ચૌટાબજારના દબાણો માટે નક્કર કાર્યવાહી કરવા અપીલ કરી હતી. જેને પગલે આખરે ગુરુવારે મેયર દક્ષેશ માવાણી અને સુરત પોલીસ કમિશનર અમુપમસિંહ ગહલૌતે ચૌટા બજારની આકસ્મિક મુલાકાત લીધી હતી અને દુકાનદારોને અપીલ સાથે અલ્ટીમેટમ આપતાં ચીમકી આપી હતી કે હવેથી જે દુકાનદાર તેની દુકાન પાસે દબાણ કરવા દેશે તેની દુકાન સીલ કરાશે અને દબાણકર્તાઓ સામે પોલીસ કાર્યવાહી થશે. જો કે પોલીસ કમિશનરની આ ચીમકી છતા શુક્રવારે સવારથી ચૌટા બજારમાંથી દબાણો થોડો સમય અદ્રશ્ય રહ્યાં બાદ સાંજ થતા પરિસ્થતિ ફરીથી જૈસે થે તેવી થઈ જવા પામી હતી. મોડી સાંજ સુધીમાં તો ચૌટાબજારમાં દબાણકર્તાઓએ જમાવટ કરી દીધી હતી. તેમજ દુકાનદારોએ પણ ફુટપાથ પર પોતાનો સામાન ખડકી દઇ દબાણો યથાવત રાખ્યા હતા. હવે મેયર અને પોલીસ કમિશનરની શાખ અને ધાક દાવ પર લાગી હોય ચૌટાબજારના દબાણકર્તાઓ સામે કાર્યવાહી કરે છે કે પછી ઘૂંટણિયે પડે છે તે જોવુ રહ્યું.

### દિલ્હીમાં ધુમ્મસ...

દેવામાં આવી હતી. જેને લીધે સુરતથી શારજાહ જવા માંગતા આંતરરાષ્ટ્રીય પેસેન્જર અટવાયા હતા. પેસેન્જરોએ હોબાળો મચાવતા તેઓને દુબઇ ફ્લાઇટનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. શિયાળામાં દિલ્હીના ફોગમાં સુરત આવતી ફ્લાઇટ રોજ મોડી પડી રહી છે. દિલ્હીથી સુરત આવી બેંગકોક જતી એરઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ પણ આજે 2 કલાક મોડી પડી હતી. એવી જ રીતે ઈન્ડિગોની દિલ્હી સુરત ફ્લાઇટ 3 કલાક મોડી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસની સાંજની ફ્લાઇટ 01.30 કલાક મોડી પડી હતી.

### ડિંડોલીમાં એસિડ...

બેકાર બનતા યોગ્ય કામ ન મળતાં તે નિરાશામાં હતો. યુવકના મૃત્યુ બાદ પોલીસે તેના પરિવારજનોને અનેક વખત ફોન કરીને જાણ કરી હતી તથા મૃતદેહ સ્વીકારવા આવવા જણાવ્યું હતું. જોકે પરિવારજનોએ અમને તેની સાથે કોઈ સંબંધ નથી કહી મૃતદેહ સ્વીકારવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો હતો.આવા સંજોગોમાં ડિંડોલી પોલીસે માનવતાના ધોરણે નિર્ણય લઈ યુવકના મિત્રોને બોલાવી તેમના સહયોગથી અંતિમ સંસ્કાર કરાવ્યા હતા.


**નવમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



કરૂણા જેના હૃદયમાં હતી, પરોપકાર જેના સ્વભાવમાં હતો. કોઈના દુઃખે દુખી અને કોઈના સુખમાં સુખી જેમનો જીવનમંત્ર હતો, એવા પુણ્ય આત્માને નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. નગીનભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા. ૨૦-૧૨-૨૦૧૬

લિ.
ગં.સ્વ. નીરૂબેન નગીનભાઈ પટેલ (પત્ની)
ભદ્રેશ નગીનભાઈ પટેલ (પુત્ર)
પંકજ નગીનભાઈ પટેલ (પુત્ર)
ભાલેશ નગીનભાઈ પટેલ (પુત્ર)
તથા સમગ્ર પટેલ પરિવાર



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન : + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, + ૯૧ ૭૯૭૮૧૧૭૯૨૨

**સુધારો**

આથી તા.૧૯.૧૨.૨૦૨૫ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ ઈ-હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે અ.નં.૧૨ (ભુલકાભવન શાખા) દેવાદાર : મેસર્સ વીરામદેવ કંસ્ટ્રકશન કો. (માલિક શ્રી રાજેશકુમાર વીરામ રાવલ) ની વિગતો તા.૨૧.૦૧.૨૦૨૬ ના રોજ આયોજીત ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાંથી પરત લેવામાં આવેલ છે.
ઈ-હરાજી વેચાણ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા.૨૦.૧૨.૨૦૨૫ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા



**જાહેર નિવિદા નં. ૩૮/૨૦૨૫-૨૬(બીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ૪૫૭૫ યોજના ૨૦૨૫-૨૬ અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૫નું માન્ય રાખવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ | ૧૮/૧૨/૨૦૨૫ |
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | ૩૧/૧૨/૨૦૨૫, ૧૮.૦૦ કલાક |
| બીડ ખોલવાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૫, ૧૮.૧૦ કલાક |

| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડ ઇન વઘઇ તાલુકા પેકેજ નં.૨૧ (કુલ ૨ રોડ ૨.૨૦૦ કિ.મી.) (૧) કન્સ્ટ્રકશન ઓફ ચિંચોડ ગામે મગનભાઈ ગાયકવાડના ફળિયા તરફ જતા રસ્તાનું કામ કિ.મી. ૦/૦ થી ૧/૫ (૨) કન્સ્ટ્રકશન ઓફ નડગચોંડ નાકાથી નીચલા ફળિયામાં ફીડીના ઉતારા તરફના રસ્તાનું કામ કિ.મી. ૦/૦ થી ૦/૭૦૦ તા.વઘઇ જી.ડાંગ | ૧૪૯.૮૩ | ૩૬૦૦/- |

આ કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ "http://tender.nprocure.com" પરથી ડાઉપલોડ કરી શકાશે.

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૨૦૪/૨૦૨૫